ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ચૂંટણી માટેની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે

**કોરોનાની મહામારીને ધ્યાને રાખી મતદાન મથકમાં પણ ખાસ કીટ રાખવામાં આવશે : દરેક મતદારનું સ્કીનીંગ કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ તંત્રની તૈયારીઓ અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.

રાજ્ય ચૂંટણી પંચે પણ મતદાર યાદીઓ ક્ષતિ રહિત તૈયાર કરવા માટે વિશેષ સૂચનાઓ આપી છે. આ ચૂંટણી માટે ઈ.વી.એમ. પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ તૈયાર ઈ.વી.એમ.ને હાલ તો સ્ટ્રોંગરૂમમાં મુકી દેવામાં આવ્યા છે.

ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન છેડવાની મળેલી સૂચનાઓ પછી ગામે ગામ ઈ.વી.એમ.ના નિદર્શનની

## ચૂંટણીના ઢોલ ઢબુક્યા



કામગીરી પણ તેના અંતિમ તબક્કામાં છે. જે એકાદ દિવસમાં પૂર્ણ થઈ જશે.

નગરપાલિકાની ચૂંટણી તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે અલગથી ઈ.વી.એમ. રાખવામાં આવેલા છે. નગરપાલિકાની ચૂંટણીમાં મતદાર દ્વારા મતદાન કર્યા પછી મત રજીસ્ટર્ડ થતો હોય છે અને તેનુ બટન પણ દબાવવાનુ રહે છે.

જ્યારે સ્થાનિક સ્વરાજ્યમાં માત્ર ને માત્ર તમારા ઉમેદવારને મત આપવાનો હોય છે. આ સામાન્ય ભેદરેખા બન્ને બન્ને ઈ.વી.એમ. છે.

મતદાર યાદીમાં કોઈના નામ ખોટી રીતે ના નિકળી જાય તેમજ પુરવણી યાદી પણ યોગ્ય રીતે તૈયાર કરવાની સૂચનાઓ રાજ્ય ચૂંટણી પંચે આપી છે.

મળતી વિગતો પ્રમાણે ચૂંટણી માટેના રૂટ તેમજ ઝોનલ ઓફિસરોની નિયુક્તી તેમને તાલિમ સહિત તમામ કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

કોરોનાની મહામારી વચ્ચે આ મતદાન યોજાવાનુ હોવાથી આ વખતે ઈ.વી.એમ. સાથેની જે કીટ આપવામાં આવનાર છે તેમાં હેન્ડગ્લોવ્ઝ, સેનેટાઈઝરની બોટલ, માસ્ક તેમજ ફેસ શિલ્ડ પણ મુકવામાં આવ્યા છે. થર્મલ ગનથી મતદારોનું સ્કીનીંગ પણ કરવામાં આવનાર છે.

ચૂંટણી પંચે પોલિંગ પાર્ટીઓ રવાના કરતા પહેલાં કર્મયોગીઓનું પણ સ્કીનીંગ કરવામાં આવે એટલુ જ નહિ પરત ફરે ત્યારે પણ સ્કીનીંગ કરવાની વિશેષ સૂચનાઓ આપવામાં આવી હોવાનું પંચના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

જો કે ગ્રામીણ વિસ્તારમાં ચૂંટણીનો માહોલ હવે જામી ગયો છે અને ખાટલા પરિષદો, મિત્રમંડળની રાજનીતિ તેમજ જાહેર પ્રચાર પણ વેગીલો બન્યો છે. આ ચૂંટણીમાં મતદાન સારૂ થશે તેમ મનાઈ રહ્યું છે.

# શહેરમાં વન આરક્ષિત વિસ્તારની તુટેલી ફેન્સીંગ વચ્ચે કચરાના ઢગ

**વનતંત્ર પાસે સફાઇ કામગીરીને અનુલક્ષી મજુરોને ચુકવવા માટે પૈસા નથી !!**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરના સેકટરોમાં સફાઇ કામગીરીના નામે મીંડુ છે જયારે મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ સફાઇ થતી નથી વન આરક્ષિત વિસ્તારને અનુલક્ષી વર્ષો જુની ફેન્સીંગના થાંભલા અને તારની વાડ પણ તુટેલી હાલતમાં છે. જેના લીધે આ વિસ્તારમાં વધતા દબાણ વચ્ચે ગંદકીની સમસ્યા જટીલ બની છે. વનતંત્ર પાસે સફાઇ કામગીરીને અનુલક્ષી મજુરોને આપવાન પૈસા પણ ન હોવાનો રોષ તંત્રના અધિકારીઓ ઠાલવી રહ્યા છે.

શહેરમાં એકબાજુ પાનખરની મોસમમાં હરિયાળા વૃક્ષો પીળા થઇ ગયેલા પાંદડા સતત ખરતા રહે છે જયારે માર્ગો પર પીળા પાનની પથારી પણ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા ઘણાં સમયથી નગરના માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ યોગ્ય સફાઇ થતી નથી જેના લીધે રહેણાંક વિસ્તાર સહીત મુખ્યમાર્ગો પર પાનખરના કચરાનો ઢગ ખડકાય છે. વન આરક્ષિત વિસ્તારમાં વરસાદી દિવસોના અંતે યોગ્ય સફાઇ કરવામાં આવતી હોય છે. બિનજરૂરી ઘાસ અને વનસ્પિત પણ દુર કરવામાં આવે છે જેથી હરિયાળીને નુકશાન ન થાય પરંતુ છેલ્લા ચાર મહીનાથી શહેરના વન વિભાગ હસ્તકના વિસ્તારમાં સફાઇ કામગીરી થતી નથી જેના લીધે હાલ આ ઠેકાણે કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. બીજીતરફ વનવિભાગની જગ્યામાં ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં છે. મોટાભાગના વિસ્તારમાં ફેન્સીંગના વાયરો તેમજ સિમેન્ટની થાંભલીઓ તુટેલી છે જેના લીધે રખડતા ઢોર પણ આ ઠેકાણે અડ્ડો જમાવે છે. આ ઉપરાંત દબાણો પણ વધી રહ્યા છે.

જયારે કેટલાક ઠેકાણે ખુલ્લી ફેન્સીંગના લીધે કચરાના ઢગ થયા છે. આમછતા હજુ વનતંત્ર દ્વારા સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવી નથી. જો કે વનતંત્ર પાસે પણ યોગ્ય સફાઇ કામગીરી માટે બજેટ નથી. વનતંત્ર પાસે હાલ મજુરોને આપવા માટે પૈસા પણ નથી જેના લીધે વન આરક્ષિત વિસ્તારની સફાઇનુ કામ અટવાયુ છે.

શહેરમા છેલ્લા ઘણાં સમયથી વન વિભાગ હસ્તકની જગ્યામાં સફાઇ થતી નથી જયારે દબાણો પણ વધી રહ્યા છે. બીજીતરફ વર્ષો જુની ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં છે. વન આરક્ષિત વિસ્તાર નજીક સ્થિત ફુટપાથ પર પણ મોટા ગાબડા જોવા મળી રહ્યા છે.

# જિલ્લામાં ૧૨ નવા કેસ

**વાવોલમાં એક જ પરિવારના પાંચ કેસ સહિત તાલુકામાં ૭ કેસ : ગાંધીનગર શહેરના સે. ૨૬, ૨, ૩, ૭ અને સે. ૪ માંથી કેસ મળ્યા : ૮ ને ડિસ્ચાર્જ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૧૨ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં સાત કેસ અને શહેરમાં પાંચ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં જે રીતે કેસો મળી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પુનઃ તેનુ રૌદ્ર સ્વરૂપ તો નથી બતાવી રહ્યોને તેવી ચર્ચા લોકજીભે શરૂ થઈ છે. ગાંધીનગર તાલુકામાં કોરોના બેખોફ બની રહ્યો છે.

આજે નોંધાયેલા ૭ કેસમાં એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા ૭ કેસમાં બે વિદ્યાર્થી અને બે ગૃહીણીનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા ૭ કેસમાં પાંચ કેસ વાવોલ ગામમાંથી એક જ પરિવારમાંથી મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે દાદી, પુત્ર, પુત્રવધુ અને બે પૌત્રો કોરોનાથી સંક્રમિત થયા છે. આ બધાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત કુડાસણમાંથી એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે તેમજ ખોરજમાંથી પણ આધેડ વયના વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૯૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૬૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે વધુ પાંચ કેસ મળી આવ્યા છે. આજે સંક્રમિત થનાર તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ખાનગી સ્કૂલના એક શિક્ષક, ખાનગી ફાર્મા કંપનીના ડે. મેનેજર, વન વિભાગના કર્મયોગીનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# કિડની આપી પિતાની જીવનદોરી લંબાવનાર પુત્રનો જીવનદીપ બુઝાયો

**ગાંધીનગર કોંગ્રેસના યુવા અગ્રણી ખુમાનસિંહ રાણાનું માર્ગ અકસ્માતમાં મોત : ખુમાનસિંહે બે માસ પૂર્વે જ પોતાના પિતાને કિડની દાન આપી નવજીવન બક્ષ્યું હતું**





ગાંધીનગર, તા.૨૪

એક પિતા માટે સૌથી મોટો બોજ એટલે પુત્રની અર્થીને પોતે કાંધ દેવી પડે તે ગણાય છે, પરંતુ જેમાં એવા પુત્રની અર્થીને કાંધ દેવી પડે જેણે ખુદ પોતાની કિડની આપીને પિતાની જીવનદોરી લંબાવી હોય ત્યારે તે દ્રશ્ય અત્યંત કરૂણ બની જાય છે. ગાંધીનગરમાં યુવા રાજકીય અગ્રણી ખુમાનસિંહ રાણાનું આજે દહેગામ બાયડ રોડ પર પાલૈયા ચોકડી પાસે માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નિપજ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે માત્ર ૨૭ વર્ષીય તરવરિયા યુવાન ખુમાનસિંહ રાણાએ આશરે બે માસ પહેલા જ પોતાના પિતાને એક કિડનીનું દાન આપીને નવજીવન બક્ષ્યું હતું અને આજે તેમનો આકસ્મિક રીતે જીવનદીપ બુઝાઈ જતા સમગ્ર પરિવારમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર પાસેના ધણપ ગામના મૂળ વતની અને હાલમાં સેક્ટર-૨૧ ખાતે રહેતા ખુમાનસિંહ રાણા અનેક સેવાકીય અને જાહેર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવા ઉપરાંત શહેર કોંગ્રેસ વોર્ડ નં.૩ના પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી રહ્યાં હતાં. ખુમાનસિંહ રાણાના પિતા અમરસિંહ રાણા ગાંધીનગર જિલ્લા માહિતી વિભાગમાં ડ્રાઈવર તરીકેની નોકરીમાંથી થોડા સમય પૂર્વે જ નિવૃત્ત થઈને પોતાના પરિવાર સાથે ખુશખુશાલ જીવન પસાર કરી રહ્યાં હતા ત્યારે અચાનક તેમને કિડનીની બિમારી હોવાનું નિદાન થયું હતું. ઘરના મોભીને જ અચાનક આવી પડેલી કિડનીની બીમારીથી પરિવાર પર જાણે આભ તૂટી પડયું હતું અને પરિવારની આર્થિક સ્થિતિ કિડની ખરીદી શકે તેવી નહોતી ત્યારે તેમના બંને દીકરાઓએ કિડની આપવાની તૈયારી દર્શાવી હતી. જે પૈકી તબીબી પરિક્ષણ પછી ખુમાનસિંહની કિડની મેચ થઈ હતી. જરૂરી તમામ તબીબી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પુત્ર ખુમાનસિંહએ પોતાની એક કીડની આપીને પિતાને નવજીવન બક્ષ્યું હતું અને ફરીવાર પરિવારમાં ખુશાલી આવી હતી. જો કે કોને ખબર હતી કે આ ખુશાલી બહુ લાંબો સમય ટકવાની નથી અને અને વિધિએ આ પરિવારના ભાગ્યમાં કઈક અલગ જ લેખ લખ્યાં છે. આજે અચાનક જ પિતાને નવજીવન બક્ષનાર એ પુત્રનો જીવનદીપ બુઝાઈ જતા સમગ્ર પરિવાર ઘેરા શોકની લાગણીમાં ગરકાવ થઈ જવા પામ્યો છે.

## કેવી રીતે બુઝાયો ખુમાનસિંહનો જીવનદીપ?

કડજોદરા બેઠક પરથી જિલ્લા પંચાયતની ચૂંટણી લડી રહેલા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના પ્રચારકાર્ય અર્થે ખુમાનસિંહ રાણા કડજોદરા ગયા હતા. જ્યાંથી ગઈકાલે રાત્રે ગાંધીનગર પરત ફરી રહ્યા હતા ત્યારે દહેગામ બાયડ રોડ પર પાલૈયા નજીક તેમની કાર ડિવાઈડર સાથે ધડાકાભેર ટકરાઈ હતી જેમાં ડિવાઇડરનો થાંભલો તૂટીને કારનો કાચ તોડી તેમના માથામાં વાગ્યો હતો. બાદમાં કાર પલટી ખાઈને રોડની સાઈડ ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં ખુમાનસિંહ માથામાં તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું અકસ્માતના પગલે ગાંધીનગર કોંગ્રેસના અગ્રણીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. આ અંગે દહેગામ પોલીસ મથકમા અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જાહેર જનતા જોગ મોજે રાંધેજા ચાર રસ્તા ઉપર આવેલ સર્વે નં. ૧૬૪૫, તાલુકો જિલ્લો : ગાંધીનગર અન્વયે કોઈએ તબદિલીના વ્યવહારો નહીં કરવા જાહેર સુચના / ચેતવણી

અમો એડવોકેટ જયંત પી. ભટ્ટ તે અમારા અસીલ રઈબેન તે બળદેવભાઈ નાથાભાઈ પટેલની વિધવા તથા રમેશભાઈ રામાભાઈ પટેલની સૂચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ તેમજ ચેતવણી જાહેર જનતા જોગ આપી તાકીદ કરીએ છીએ કે, અમારા અસીલો દ્વારા ગાંધીનગરના મહેરબાન પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજની કોર્ટ સમક્ષ સ્પે. દિવાની મુકદ્દમા નં. ૧૫૧/૨૦૧૦ મોજે તાલુકા જિલ્લા ગાંધીનગરના મોજે પેથાપુરની સીમના સર્વે નં. ૧૬૪૫ (રાંધેજા)ની જમીન કે જેનું ક્ષેત્રફળ ૧૧૪૩૨ ચો.મી. છે તે જૂની શરતની બિનખેતીની જમીન પૈકી અમારા અસીલોની વગર વહેંચાયેલી ૨/૪ હિસ્સાની જમીન એટલે કે વાદગ્રસ્ત મિલકત બાબતે પ્રતિવાદી એવા અમથીબેન અરવિંદભાઈ ચૌધરી, કમળાબેન ગોપાલભાઈ પટેલ, રમણભાઈ ઈશ્વરદાસ પટેલ, ભગવતભાઈ ઈશ્વરદાસ પટેલ તથા જયેશભાઈ ગોવિંદભાઈ પટેલ નાઓએ એકબીજાના મેળાપીપણામાં તા. ૪/૪/૨૦૦૯ તથા તા. ૨૦/૧૦/૨૦૦૮ના રોજ અમદાવાદના સબ રજીસ્ટ્રારક્ષી સમક્ષ નોંધાયેલ દસ્તાવેજો અમારા અસીલોની વણવહેંચાયેલા ૨/૪ હિસ્સા પૂરતા ખોટા, ગેરકાયદેસરના, ફોલ્સ, ફોડ્યુલન્ટ, અવેજ વગરના અને મૂળથી જ રદબાતલ, બિનઅમલી હોવા બાબતે તેમજ અમારા અસીલોને બંધનકર્તા નહીં હોવાનું ડેકલેરેશન માગતો દાવો કરેલો છે. મજકુર દાવામાં નામદાર પ્રિન્સીપલ સિનિયર સિવિવ જજ ઉક્ત વર્ણવેલા પ્રતિવાદીઓને યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા આદેશ કરેલો, પરંતુ કેસના આખરી નિકાલ વખતે અમારા અસીલોનો દાવો નામંજૂર કરતો તા. ૧૧/૮૨૦૨૦નો સ્પે. દિવાની મુકદ્દમા નં. ૧૫૧/૨૦૧૦માં હુકમ કરવામાં આવેલ છે.

અમારા અસીલોએ સ્પે. દિવાની મુકદ્દમા નં. ૧૫૧/૨૦૧૦ના તા. ૧૧/૮/૨૦૨૦ના વાદગ્રસ્ત હુકમ તેમજ હુકમનામાથી નારાજ થઈ ગાંધીનગરના મહેરબાન પ્રિન્સીપલ ડીસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં રે.દિ. અપીલ નં. ૧૯/૨૦૨૦ થી તા. ૯/૯/૨૦૨૦ના રોજ હાલના ઉક્ત દર્શાવેલા પ્રતિવાદીઓ વિરૂદ્ધ પડકારેલ છે. જેમાં નામદાર એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ સાહેબનાઓએ ઉક્ત પ્રતિવાદીઓ વિરૂદ્ધ તા. ૯/૯/૨૦૨૦ના રોજ નોટીસ જાહેર કરેલ છે. પ્રસ્તુત કેસમાં પ્રતિવાદી એવા અમથીબેન અરવિંદભાઈ ચૌધરી દ્વારા ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં કેવીયેટ ફાઈલ કરેલી હોઈ નામદાર કોર્ટે પ્રતિવાદીઓ વિરૂદ્ધ નોટીસ કાઢેલી હોવા છતાં કાયદાની પ્રક્રિયાઓનો દુરુપયોગ કરી અને અમારા અસીલોની અપીલ નિષ્ફળ બનાવવાના એકમાત્ર મલિન ઈરાદાથી પ્રતિવાદી એવા અમથીબેન અરવિંદભાઈ ચૌધરી રહેવાસી સેક્ટર-૨૬, ગાંધીનગરના તેમના મળતીયાઓ દ્વારા વાદગ્રસ્ત જમીનની તબદિલીના વ્યવહારો કરવાની પેરવીમાં છે તથા ચાલુ અપીલ દરમિયાન રેવન્યુ ઓથોરીટીમાં મજકુર અપીલ પેન્ડીંગ હોવા છતાં અંદરોઅંદર કમળાબેન ગોપાલભાઈ પટેલનાઓએ રજી. ફારગતિથી તેઓનો હિસ્સો પ્રતિવાદી એવા અમથીબેન અરવિંદભાઈ ચૌધરીની તરફેણમાં તા. ૧૦/૧૨/૨૦૨૦ના રોજ કમી કરી તબદિલ કરેલ છે અને હવે ચાલુ અપીલે કે જેની સુનાવણી તા. ૮/૪/૨૦૨૧ના રોજ મુકરર થયેલ હોવા છતાં અમથીબેન અરવિંદભાઈ ચૌધરી રાંધેજા ચાર રસ્તા ઉપર આવેલ મજકુર સર્વે નં. ૧૬૪૫ની બિનખેતીની જમીનની તબદિલી વેચાણ દસ્તાવેજથી કરવાની પેરવીમાં છે. તેથી આ જાહેર નોટીસથી તમામ લાગતા વળગતા ઈસમોને જાહેર કરીએ છીએ કે, આ પ્રકારની ઉક્ત જમીન બાબતમાં કોઈ તબદિલીના વ્યવહારો કરવા નહીં. તેમ છતાં જો કોઈ તબદિલીના વ્યવહારો કરવામાં આવશે તો તે પ્રથમથી જ મૂલતઃ વ્યર્થ તેમજ નિરર્થક ઠરશે. જેની નોંધ લેવા તેમજ આ પ્રકારના વ્યવહારો કરનાર સામે અમારા અસીલો કાયદેસરની ફોજદારી તેમજ દિવાની રાહે કાર્યવાહી કરસે. જેના પરિણામો મજકુર જમીન ખરીદનારના શિરે રહેશે.

**તારીખ : ૨૪/૨/૨૦૨૧**
**સ્થળ : ગાંધીનગર**

**સહી/-**
**મારી સૂચના અને ફરમાઈશથી**
**રઈબેન બળદેવભાઈ નાથાભાઈ પટેલની**
**વિધવા તથા**
**રમેશભાઈ રામાભાઈ પટેલ**

**સહી/-**
**(જયંત પી. ભટ્ટ)**
**એડવોકેટ**
**પ્લોટ નં. ૭૫૪,**
**વાસ્તુનિર્માણ સોસાયટી**
**સેક્ટર-૨૧,**
**ગાંધીનગર**

# રૂપાલ - રાંધેજા - નારદીપુર માર્ગના વાઈડનીંગનુ કામ શરૂ

**સાત વર્ષના અંતે માર્ગનુ રીસરફેસીંગ કરાશે : માર્ગ સલામતનીને અનુલક્ષી ૧૧ કી મી ના માર્ગને ૩ મીટર વધુ પહોળો કરાશે અંદાજિત રૂ ૧૦ કરોડનો ખ્રચ થશે : રૂટમાં આવતા ૨૨૩ વૃક્ષોની કટોતી થશે**

ગાંધીનગર તા ૨૪

રૂપાલ રાંધેજા નારદીપુર માર્ગને વધુ ત્રણ મીટર પહોળો કરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. રૂટમાં આવતા ૨૨૩ વૃક્ષોની કટોતી પણ કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે. હાલ આ રૂટમાં મેટલ કામ હાથ ધરાયુ છે. જયારે છેલ્લા ૭ વર્ષથી આ માર્ગનુ રીસરફેસીંગ કરાયુ નથી. ત્યારે રૂટમાં વધતા ટ્રાફિક વચ્ચે આ માર્ગને ૭ માં થી ૧૦ મીટર પહોળો કરવામાં આવશે.



રૂપાલ - રાંધેજા માર્ગના વાઈડનીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે માર્ગ નિર્માણની કામગીરીને અનુલક્ષીને હાલ સ્થળ પર કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રાંધેજા રૂપાલ નારદીપુરના ૧૧ કી મી માર્ગને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવા માટે અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે. હાલ આ માર્ગ પર મેટલ કામ હાથ ધરવામાં આવ્યુ છે. છેલ્લા છ મહીનાથી આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયાના અંતે વર્ક ઓર્ડર આપી દેવાયો છે. જયારે રૂટમાં આવતા ૨૨૩ જેટલા વૃક્ષો પણ દુર કરવામાં આવશે. રાંધેજા રૂપાલ માર્ગને પહોળો કરવા માટે વૃક્ષોની કટોતીને અનુલક્ષીને પણ વનતંત્રને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે હજુ વૃક્ષોની કટોતી મામલે મંજુરી મળી નથી જયારે આ માટે વનતંત્રને અંદાજિત રૂ ૧૦ લાખનુ

● અનુસંધાન પાન-૭ પર

# સોજાની બેઠક માટે બે ક્ષત્રિય ઉમેદવારો મેદાનમાં

**કોંગીના અજીતસિંહ સતત સંપર્ક અને સંબંધોને લઈ પ્રચાર અભિયાન વેગીલુ બનાવ્યુ છે : કરણસિંહ પણ પંચાયતી રાજના અનુભવી ઉમેદવાર તરીકેની ઓળખ ધરાવે છે**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાનના દિવસો જેમ જેમ નજીક આવી રહ્યા છે તેમ તેમ પ્રચાર અભિયાન પણ તેની ચરમ સીમાએ પહોંચી રહ્યુ છે.



માણસા તાલુકાની સોજા બેઠક પરનો સીધો જંગે પણ સૌનુ ધ્યાન ખેંચ્યુ છે. અહિ ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાવાનો છે.

કોંગ્રેસ તરફથી પૂર્વ સદસ્ય અજીતસિંહ રાઠોડની પુનઃ પસંદગી કરવામાં આવી છે તો ભાજપ તરફથી કરણસિંહ વાઘેલાની પસંદગી કરવામાં આવી છે.

કોંગ્રેસના અજીતસિંહ રાઠોડ દ્વારા તેમના વિસ્તારમાં તેમની સક્રિયતા અને સંપર્કને જીવંત રાખ્યો હોવાથી ભારે પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

ભાજપના કરણસિંહ વાઘેલા પણ સરપંચ પદે રહી ચુક્યા છે તેમજ લિબોદ્રા ગામના વતની છે. તેમની પણ ઓળખ પંચાયતી રાજમાં રહી છે.

બન્ને ક્ષત્રિય ઉમેદવારો જંગમાં હોવાથી અહિ ભારે રસાકસીનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોંગીના અજીતસિંહ રાઠોડે વિસ્તારના પ્રશ્નોની રજુઆત કરી અને તેના ઉકેલ માટે દાખવેલી સક્રિયતા તેમજ તેમના અંગત સંબંધો એ તેમના પ્રચાર અભિયાનનું મહત્વનું પાસુ છે. શિક્ષણ, આરોગ્ય સેવા સહિતના મુદ્દાઓને લઈ તેમણે વિસ્તારમાં ખુબજ આગવી ઓળખ ઉભી કરી છે.

કરણસિંહે પણ વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાન ઉપરાંત વિસ્તારમાં ભાજપના નેટવર્કના સુયોગ્ય સંકલન સાથે સારી સ્પર્ધા ઉભી કરવામાં સફળતા મેળવી છે.



## શરતચૂક

ઈટાદરા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું નામ કૈલાસબેન પટેલ છે શરતચૂકથી કોકિલાબેન પટેલ છપાયુ હતુ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com